# ભારતમાં ઉચ્ચ શિક્ષણ
# ઉપલબ્ધતા, સર્વસમાવેશકતા અને ગુણવત્તા ના સંદર્ભમાં ઉભરતા પ્રશ્નો

સુખદેવ થોરાટ
ચેરમેન
યુનિવર્સિટી ગ્રાન્ટ્ કમિશન
નવી દિલ્હી

નહેરૂ સ્મૃતિ વ્યાખ્યાન
મુંબઈ યુનિવર્સિટી, મુંબઈ
નવે. ૨૪, ૨૦૦૬

અનુવાદકઃ નીલા જી. ઉપાધ્યાય
એમ.વી.એમ. સાયન્સ અને હોમ સાયન્સ કૉલેજ
રાજકોટ

# ભારતમાં ઉચ્ચ શિક્ષણ
# ઉપલબ્ધતા, સર્વસમાવેશકતા અને ગુણવત્તા ના સંદર્ભમાં ઉભરતા પ્રશ્નો

## પ્રસ્તાવનાઃ

૧૯૫૩માં યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનની સ્થાપના થઇ ત્યારથી દેશમાં સરકારે ઉચ્ચ શિક્ષણનાં યોજનાબદ્ધ વિકાસની શરૂઆત કર્યાને અર્ધી સદી કરતાં વધુ સમય થયો છે. આમ, ૫૦નાં દશકની શરૂઆતનો સમયગાળો ઉચ્ચ શિક્ષણની પ્રગતિને મૂલવવા માટે એક અગત્યનું સંદર્ભબિંદુ છે.
૧૧મી યોજનાનો અભિગમ ઘડાઈ રહ્યો છે. સાંપ્રત સમયે ઉચ્ચ શિક્ષણનો મુદદો વિવિધ સ્તરે ચર્ચાય રહ્યો છે. આ સંદર્ભમાં આ નહેરૂ સ્મૃતિ વ્યાખ્યાનમાં હું દેશમાં ઉચ્ચ શિક્ષણની પ્રગતિ પર વિચાર કરવા ઈચ્છુ છું. ઉચ્ચ શિક્ષણની ચર્ચામાં ઘણાં મુદદાઓ ઉભર્યા છે પણ એમાંથી ઉપલબ્ધતા, ગુણવત્તા અને ન્યાયી સમાનતા સૌથી મહત્વના છે અને વર્તમાન ચર્ચાઓમાં પ્રમુખપણે ઉભરી આવ્યા છે. આ મુદદાઓનું મહત્વ જોતા હું આ ત્રણ મુદદાઓ વિશે વાત કરવા ઈચ્છું છું.

આમ કરતાં હું સિદ્ધિઓની સમિક્ષા કરીશ. ઉચ્ચ શિક્ષણની ઉભરતી જરૂરીયાતોની ચર્ચા કરીશ અને દેશમાં ઉચ્ચ શિક્ષણનાં વધુ વિકાસ માટેની શકય દિશાઓ વિશે વિચાર કરીશ.

## નીતિદર્શક લક્ષ્યોઃ

એ બાબતનો ખ્યાલ રાખવો જરૂરી છે કે ઉચ્ચ શિક્ષણ પરત્વેનો વર્તમાન અભિગમ ૧૯૮૬ની રાષ્ટ્રિય શિક્ષણનીતિ અને ૧૯૯૨ની કાર્યયોજના પર આધારિત છે. ૧૯૮૬ની નીતિ અને ૧૯૯૨ની કાર્યયોજના બે સીમાચિહ્નરૂપ અહેવાલો જેવાં કે રાધાક્રિષ્ણન પંચ તરીકે ઓળખાતા ૧૯૪૮–૪૯ના યુનિવર્સિટી શિક્ષણ પંચનો અહેવાલ અને કોઠારી પંચ તરીકે ઓળખાતા ૧૯૬૪–૬૬નાં શિક્ષણપંચના અહેવાલ પર આધારીત હતાં. આ બેસીમાચિહ્નરૂપ અહેવાલો એ વાસ્તવમાં દેશમાં ઉચ્ચ શિક્ષણની રાષ્ટ્રિયનીતિનો પાયાનો ઢાંચો રચ્યો.

યુનિવર્સિટી શિક્ષણ પંચના અહેવાલે દેશમાં ઉચ્ચ શિક્ષણના વિકાસ માટે લક્ષ્યો નક્કિ કર્યા. ૧૯૪૮–૪૯નાં યુનિવર્સિટી શિક્ષણ પરનાં રાધાક્રિષ્ણન પંચે આ ધ્યેયો નીચેના શબ્દોમાં ઉચ્ચારીત કર્યાઃ
"શિક્ષણમાં સૌથી અગત્યની અને તાકીદની સુધારણા એ તેના સર્વાંગી પરિવર્તનની છે, તેને જીવન સાથે જોડવું તેમજ તેને લોકોની આકાંક્ષાઓ અને જરૂરીયાતો સાથે જોડવા પ્રયાસ કરવો અને આમ કરીને રાષ્ટ્રિય ધ્યેયોની પરિપૂર્તતા માટે જરૂરી સામાજીક, આર્થિક અને સાંસ્કૃતિક સર્વાંગી પરિવર્તન માટેનું શકિતશાળી સાધન બનાવવું. આ ઉદેશ્યથી શિક્ષણનો વિકાસ એ રીતે કરવો જોઈએ કે તેનાંથી ઉત્પાદકતા વધે, સામાજીક અને રાષ્ટ્રિય ઐકય સાધી શકાય, આધુનિકીકરણની પ્રક્રિયા ઝડપી બને અને સામાજીક, નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યો વિકસાવી શકાય."

૧૯૮૬ની ઉચ્ચ શિક્ષણ પરની રાષ્ટ્રિયનીતિ રાધાક્રિષ્ણન પંચ અને કોઠારી પંચના આ દર્શનને ઉચ્ચ શિક્ષણનાં પાંચ પ્રમુખ લક્ષ્યોમાં નીચે મુજબ શબ્દાંવિત કરે છે. આ લક્ષ્યો છે વધું ઉપલબ્ધતા, સમાન ઉપલબ્ધતા (ન્યાયી સમાનતા), ગુણવત્તા અને ઉત્કૃષ્ટતા, સામાજીક મૂલ્યો સાથેની સંગતતા અને તેનું સંવર્ધન.

૧૯૯૨ની કાર્યયોજના નાં નીતિ નિર્દેશો અને પગલાઓ એ રીતે વિકસાવવામાં આવ્યા કે જેથી આ ધ્યેયોને વ્યવહારમાં ઉતારી શકાય.

ઉપરોક્ત ધ્યેયો પૈકીનાં પ્રથમ ત્રણ એટલે કે વધુ ઉપલબ્ધતા, સમાન ઉપલબ્ધતા અને ગુણવત્તાનું મહત્વ જોતા હું મારી ચર્ચા આ ત્રણ સુધી સીમિત રાખીશ. પરંતુ તેમ કરતાં પહેલાં આપણે ૧૯૫૩માં યુજીસીની સ્થાપનાથી અત્યાર સુધીમાં ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં સર્જાયેલી ક્ષમતાનું વિહંગાવલોકન કરી લઈએ.

## ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓની ક્ષમતાનું વિસ્તરણઃ

૧૯૫૦નાં દશકથી ઉચ્ચ શિક્ષણ વૈવિધ્યપૂર્ણ રહ્યું છે. અને તેની પહોંચ અને સીમાઓ વિસ્તરી છે.

૧૯૪૭માં આઝાદી વખતે ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓની સંખ્યા અને અધ્યાપકોની સંખ્યાની દષ્ટિએ નગણ્ય હતું પરંતુ એ સમય પછીથી ઉચ્ચ શિક્ષણના ત્રણ મહત્વનાં નિર્દેશકો – ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓની સંખ્યા, અધ્યાપકોની સંખ્યા, અને વિદ્યાર્થીઓની સંખ્યા– માં ઉદાહરણીય વધારો થયો છે.

૧૯૪૭માં યુનિવર્સિટીઓની સંખ્યા ૨૦ હતી જે ૨૦૦૪ સુધીમાં તેર ગણી વધીને ૩૫૭ થઈ. અત્યારે ૨૦ કેન્દ્રિય યુનિવર્સિટીઓ, ૨૧૭ રાજ્ય યુનિવર્સિટીઓ, ૧૦૬ ડીમ્ડ યુનિવર્સિટીઓ, કેન્દ્રિય ધારા દ્વારા સ્થપાયેલી રાષ્ટ્રિય મહત્વની સંસ્થાઓ અને રાજયોના ધારાઓ દ્વારા સ્થપાયેલી પાંચ સંસ્થાઓ છે.

૧૯૪૭માં કૉલેજોની સંખ્યા ૫૦૦થી ૨૬ ગણી વધીને ૨૦૦૫માં ૧૭૬૨૫ થઈ.

ટેકનિકલ શિક્ષણનાં ક્ષેત્રમાં ૨૦૦૪ સુધીમાં આપણી પાસે ૧૨૬૫ ઈજનેરી અને ટેકનિકલ કૉલેજો, ૩૨૦ ફાર્મસી કૉલેજો, ૧૦૭ આર્કિટેક્ચર કૉલેજો તેમજ ૪૦ હોટેલ મેનેજમેન્ટ કૉલેજો મળીને કુલ ૧૭૪૯ સંસ્થાઓ હતી. અનુસ્નાતક ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓના સંદર્ભમાં ૨૦૦૪માં કુલ ૯૫૮ એમ.બી.એ./પી.જી.ડી.એમ. અને ૧૦૩૪ એમ.સી.એ. કૉલેજો છે.

આ જ રીતે, અધ્યાપકોની સંખ્યા ૧૯૫૦માં ૭૦૦ની હતી જે ૨૦૦૫માં ૪.૭૨ લાખ થયેલ છે.

આમ શિક્ષકોની સંખ્યા અનેઉચ્ચ શિક્ષણ સંસ્થાઓની સંખ્યામાં અનેક ગણો વધારો થયો છે. શૈક્ષણિક સંસ્થાઓ અને અધ્યાપકોની દષ્ટિએ શૈક્ષણિક સવલતોમાં થયેલો વિકાસ જોઈને આપણેઉચ્ચ શિક્ષણની ગુણવત્તા, વંચિત જૂથોને ઉપલબ્ધતા અને સમગ્રલક્ષી ઉપલબ્ધતાનાં સંદર્ભે ઉચ્ચ શિક્ષણના સ્તરમાં સુધારાની અપેક્ષા રાખી શકીએ.

આવો, આપણે ઉચ્ચશિક્ષણનાં વિકાસનાં આ નિર્દેશકોને લક્ષમાં રાખી તેની પ્રગતિની ચર્ચા કરીએ.

## ઉપલબ્ધતાનાં સંદર્ભમાં વર્તમાન સ્થિતિઃ

**સમગ્ર સ્તરે નોંધણીઃ** (ENROLMENT AT AGGREGATE LEVEL)

ઉચ્ચ શિક્ષણનો ફેલાવો સામાન્ય રીતે નોંષણી દર દ્વારા મપાય છે.

ઉચ્ચ શિક્ષણ ઉપલબ્ધતાનો ફેલાવો માપવા માટે ત્રણ વૈકલ્પિક પધ્ધતિઓ ઉપયોગમાં લેવાય છે જેમ કે (GER- Gross Enrolment Ratio) કુલ નોંધણી દર, (NER- Net Enrolment Ratio) ચોખ્ખો નોંધણી દર, અને(EER- Enrolment OF Eligible Ratio) નોંધણીપાત્રની નોંધણીનો દર.

(GER-) ૧૮ થી ૨૩ વય જૂથની કુલ વસ્તીના પ્રમાણમાં બધા જ અભ્યાસક્રમોમાં બધા જ વયજૂથનાં લોકોની નોંધણીનો દર ધ્યાનમાં રાખીને ઉપલબ્ધતા ધોરણ/સ્તર માપે છે; જયારે (NER) ચોકકસ વયજૂથમાં થયેલી નોંધણીનું ધોરણ માપે છે; જયારે(EER) ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પૂર્ણ કરેલા લોકોનું નોંધણીનું ધોરણ માપે છે. આ રીતે આ ત્રણેય વિભાવનાઓ ઉચ્ચ શિક્ષણની ઉપલબ્ધતાને ત્રણ જુદા જુદા કોણથી જૂએ છે.

વિદ્યાર્થી નોંધણીની સંખ્યાની માહિતિ (Selected Education Statistics- SES) , (National Sample Servey- NSS) અને(Population Census- PC) વસ્તી ગણતરી જેવા વૈકલ્પિક સ્ત્રોતો માંથી મળે છે.

૧૯૫૦–૫૧માં નોંધણી દર ૦.૭% હતો જે ૧૯૬૦–૬૧માં વધીને ૧.૪% થયો.

વર્ષ ૨૦૦૦ની શરૂઆતમાં (SES) પર આધારીત (GER) ૮% છે જયારે(NSS) અને વસ્તી ગણતરી ક્રમશઃ ૧૦% અને ૧૪% નો નોંધણી દર દર્શાવે છે. આ રીતે(SES) ની માહિતિ નોંધણી દરને ચાર થી પાંચ ટકા ઓછો દર્શાવે છે. વર્ષ ૨૦૦૩–૦૪ માટેનો (GER) અનુક્રમે ૯%, ૧૩.૨૨% અને ૧૪.૪૮% થાય છે.

(SES) પ્રમાણે નોંધણી દર ઓછો દર્શાવાય છે કારણકે અમાન્ય સંસ્થાઓ દ્વારા અપુરતી માહિતિ અપાય છે અને કેટલીક રાજય સરકારો વાર્ષિક આધાર પર નોંધણીની વિગતો આપતી નથી. રાજય સરકાર દ્વારા અહેવાલ ન આપવાની સ્થિતિમાં ખૂટતી માહિતિ ભરવા માટે અન્ય વિગતોના આધારે અનુમાનનો ઉપયોગ થાય છે. રાષ્ટ્રિય ઉપમાન સર્વેક્ષણ (NSS) અને વસતી ગણતરી બન્નેની સમસ્યા એ છે કે તેમાં માહિતિ ઘેર ઘેરથી એકત્રિત કરાય છે. આથી તેમાં ઉંચો અંદાજ આવવાની શકયતા એટલા માટે રહેલી છે કે તેમાં કદાચ અમાન્ય સંસ્થાઓમાં કોમ્પ્યુટર તાલિમ જેવા ડિપ્લોમા કે તાલિમ અભ્યાસક્રમોમાં જોડાનારાઓનો પણ સમાવેશ થઈ ગયો હોય. વસ્તી ગણતરીની માહિતિની એક બીજી સમસ્યા એ છે કે તે વ્યાવસાયિક ડીગ્રી અભ્યાસક્રમો અને ડિપ્લોમા અભ્યાસક્રમો વચ્ચે ભેદ કરતું નથી.

૧૮ થી ૨૩ વર્ષની વયજૂથનાં લોકોની વસ્તી અને કૉલેજો અને યુનિવર્સિટીઓમાં સ્નાતક કે તેનાથી ઉપરના વિદ્યાર્થીઓની નોંધણી અને વ્યાવસાયિક સંસ્થાઓમાં (ડિપ્લોમા/સર્ટિફિકેટ) કોર્ષની વિગતો કોઠામાં આપેલી છે. વર્ષ ૨૦૦૩–૦૪ સ્નાતક અને તેની ઉપરની કક્ષાઓમાં નોંધણીની સંખ્યા SES પ્રમાણે ૧૦૪.૯ લાખ, NSS પ્રમાણે ૧૬૧.૧ લાખ, અને વસ્તી ગણતરી પ્રમાણે ૧૮૨.૩ લાખ છે. વસ્તી ગણતરી માં ઊંચા આંકડાઓનું કારણ વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં થયેલી નોંધણીનો પણ સમાવેશ થયેલો હોઈ તેમાં ડીગ્રી, ડિપ્લોમા અને સર્ટિફિકેટ એમ બધું સમાય જાય છે. વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં ઈજનેરી, આઈ.ટી.આઈ., પોલીટેકનીક, ખેતીવાડી, તબીબી, મેનેજમેન્ટ, કાયદો અને શિક્ષણનો સમાવેશ થાય છે.

ઉપરોક્ત ત્રણેય સ્ત્રોતમાંથી મળેલા ડિપ્લોમા/સર્ટિફિકેટ અભ્યાસક્રમમાં નોંધણીના અંદાજોમાં વિશાળ તફાવત જોવા મળે છે. ડિપ્લોમા/સર્ટિફિકેટ (વ્યાવસાયિક, શિક્ષણ તાલિમ) નાં સ્તરે નોંધણી SES પ્રમાણે ૧૦ લાખ, NSS પ્રમાણે ૨૫ લાખ અને PC પ્રમાણે ૧૭ લાખ થાય છે. ડીગ્રી/ડિપ્લોમાનાં કિસ્સામાં SES અંતર્ગત ઓછી નોંધણી આવરી લેવાય હશે કારણકે તેમા અમાન્ય સંસ્થાઓમાં થતી નોંધણીનો સમાવેશ થતો નથી. જયારેNSS અનેPC બન્ને અમાન્ય વ્યવસાયલક્ષી સંસ્થાઓમાં થયેલી નોંધણીનો સમાવેશ થયેલો છે. અને તેથી તે બન્નેના અંદાજો SES કરતા ઘણા ઊંચા છે. ઉપર જણાવ્યા પ્રમાણે વસ્તી ગણતરીની માહિતિ વ્યવસાયલક્ષી ડિપ્લોમાનો પણ વ્યવસાયલક્ષી સ્નાતક અભ્યાસક્રમો સાથે સમાવેશ કરી લે છે જેથી NSS કરતા ઓછો આંકડો મળે છે.

## સમાન ઉપલબ્ધતા તકો– જૂથ સ્તરે નોંધણી

એકંદર રાષ્ટ્રિય સ્તરે વિકાસનું મુલ્યાંકન કર્યા પછી હવે આપણે જુદા જુદા ચોકકસ જૂથોના સંદર્ભમાં વિકાસને જોઈએ અને વિવિધ સ્વરૂપની જૂથો વચ્ચેની અસમાનતાના સંદર્ભમાં આ પરિસ્થિતિ પર વિચાર કરીએ. વર્તમાનમાં આપણે–

(૧) ગ્રામ્ય અને શહેરી
(૨) રાજય–રાજય
(૩) જાતીઓ
(૪) ધર્મો
(૫) સ્ત્રી–પુરૂષો
(૬) વ્યવસાયી જૂથો અને
(૭) ગરીબ અને સંપન્ન

– વચ્ચેની અસમાનતાઓનો અભ્યાસ કરી શકીએ.

### (૧) ગ્રામ્ય–શહેરી

ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં નોંધણી દર વચ્ચે ઘણી અસમાનતા જોવા મળે છે. વર્ષ ૨૦૦૩–૦૪માં ગ્રામ્યનો GER ૭.૭૬% હતો જયારે શહેરીનો ૨૭.૨૦% હતો, જે દર્શાવે છે કે ગ્રામ્ય વિસ્તારની સરખામણીમાં શહેરી વિસ્તારનો GER ચાર ગણો જોવા મળે છે. ૨૦૦૧ની વસ્તી ગણતરી પ્રમાણે ગ્રામ્ય વિસ્તારમાં GER ૮.૯૯% અને શહેરી વિસ્તારમાં GER ૨૪.૫૨% રહ્યો હતો જે દર્શાવે છે કે ગ્રામ્ય વિસ્તારનો GER શહેરી વિસ્તાર કરતા ત્રણ ગણો ઓછો છે.

EER ની ગણતરી કરતા ગ્રામ્ય વિસ્તારમાં ૫૧.૧% અને શહેરી વિસ્તારમાં ૬૬% જોવા મળ્યો જે ૧૫% વધારે જણાય છે.

### (૨) આંતર રાજય અસમાનતાઓ:

ઉચ્ચ શિક્ષણના સ્તરમાં રાજયો–રાજયો વચ્ચેનો તફાવત ઘણો મોટો છે. અકંદર રાષ્ટ્રિય GER ૧૩% છે, તો કેટલાંક રાજયો જેવા કે નાગાલેન્ડ (૩૮.૬%), ગોવા (૨૭.૩%), કેરળ (૨૪.૨%), મણીપુર (૨૪.૭%), હિમાચલપ્રદેશ (૨૦%) અને જમ્મુ–કાશ્મીર, તામીલનાડુ અને પોંડીચેરી (૧૮%) સાથે અકંદર રાષ્ટ્રિય GER થી ઊંચી સરેરાશ દર્શાવે છે.

રાષ્ટ્રિય સરેરાશ કરતા નીચો GER રાજયો છે– ત્રિપુરા (૩.૨%), આસામ (૬.૬%), મેઘાલય (૭.૨%), છત્તિસગઢ (૭.૬%), ઓરિસ્સા (૮.૨%), ઝારખંડ (૧૦.૩%), પશ્ચિમ બંગાળ (૯.૭%), બિહાર (૧૦%), સિકિકમ (૧૦.૮%ા અને રાજસ્થાન (૧૧%).

EER પર આધારિત નોંધણીદર ઉપયોગી અંદાજ છે. કારણ કે, તેનાથી ઉચ્ચતર માધ્યમિક પાસ કર્યા પૈકીના લોકોમાંથી શિક્ષણની ઉપલબ્ધતા સુચિત થાય છે. ૨૦૦૩–૦૪માં ઉચ્ચતર માધ્યમિક પસાર કરેલા લગભગ ૫૯% લોકોએ ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ લીધો. આ રાષ્ટ્રિય સરેરાશ કરતાં ઘણો ઊંચો દર મિઝોરમ (૮૭.૧%), મણીપુર (૮૭.૭%) નાગાલેન્ડ (૨૫.૬%) જમ્મુ–કાશ્મીર (૭૬.૬%) અને કેરળ (૭૦.૬%) જેવાં રાજયોમાં જોવા મળે છે. જયારે ત્રિપુરા (૩૭.૮%) છત્તીસગઢ (૪૯.૬%) ઓરિસ્સછ (૫૦.૨%) અરુણાચલપ્રદેશ (૫૩.૫%) વગેરે રાજયોમાં રાષ્ટ્રિય સરેરાશ બરતાં ઘણો નીચો દર જોવા મળે છે. બાકીનાં રાજયોમાં આ દર ૫૯% રાષ્ટ્રિય સરેરાશની આસપાસ છે.
ટેબલ ૪ – એ પાના નં. ૬

**આંતરજૂથીય અસમાનતા :**

હવે આપણે જ્ઞાતિ, ધર્મ અને લિંગજૂથો વચ્ચેની અસમાનતા તપાસીએ –

**<u>આંતરજ્ઞાતિ :</u>**

૨૦૦૩–૦૪માં એકંદર રાષ્ટ્રીય GER ૧૩.૨૨% શતો જો કે, જુદા જુદા સામાજિક જૂથોમાં નોંધપાત્ર અસમાનતા જોવા મળે છે. અન્યોની સરખામણીમાં ST (અનુસૂચિત જન જાતિ), SC (અનુસૂતિજાતિ) અને OBC માં GER ઘણો નીચો છે. અનુસૂચિત જનજાતિમાં GER ૫%, અનુસૂચિત જાતિમાં ૭.૫૧%, OBC માં ૧૧.૩૪% અને અન્યોમાં ૨૪.૮૯% જોવા મળે છે. SC4 ST અને OBC સિવાયની વસ્તીની સરખામણીમાં ST નો GER પાંચ ગણો ઓછો, SC નો GER ત્રણ ગણો ઓછો અને OBC નો લગભગ બે ગણો ઓછો જોવા મળે છે.

અલબત્ત, SC, ST અને OBC માં OBC નો GER, ST ની સરખામણીમાં ૬% વધુ અને SC ની સરખામણીમાં ૪% વધુ જણાયો. SC અને ST માંથી SCનો GER, ST કરતાં ૨.૫૧% ઊંચો હતો. આમ, ST નોનો GER સૌથી નીચો જોવાયો.

૨૦૦૧ ની વસ્તી ગણતરી પર આધારિત અંદાજો પણ જુદા–જુદા સામાજિક જૂથો વચ્ચેની અસમાનતા છતી કરે છે. ઉદાહરણ તરીકે, SC/ST સિવાયની હિંદુ વસ્તીનો GER ૧૫.૫% હતો. તેની સામે SC અને ST નો GER અનુક્રમે ૮.૩૯% અને ૭.૪૬% હતો. આમ, SC અને ST ના GER કરતાં SC/ST સિવાયની સામાન્ય હિંદુ વસ્તીનો GER લગભગ બે ગણો વધુ છે.

EER ની દષ્ટિએ થોડી જુદી ભાત ઉપસે છે. ૨૦૦૩–૦૪ માં ST નો EER ૧૪.૪%, SC નો ૫૭%, OBC નો ૫૪.૮% અને અન્ય હિંદુ વસ્તીનો ૬૨.૫% હતો. આમ, અન્ય હિંદુ વસ્તીની સરખામણીએ SC, ST અને OBC નો EER નીચો હતો. એ કહેવું પણ વધારે જરૂરી છે કે, SC, ST અને OBC ના EER માં તફાવત નજીવો છે. SC અને ST ની સરખામણીમાં OBC નો EER લગભગ સમાન છે. આનાથી સૂચિત થાય છે કે, GER પર આધારિત માહિતી જોતાં OBC નો

નોંધણી દર SC અને ST કરતાં ઊંચો હોવા છતાં ઉચ્ચતર માધ્યમિક પરીક્ષા પાસ કર્યા પછી ઉચ્ચ વર્ણના વિદ્યાર્થીઓ કરતાં ખૂબ ઓછા પ્રમાણમાં વિદ્યાર્થીઓએ ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ લીધો.

**જ્ઞાતિ, ધર્મ અને આદાન–પ્રદાન :**

:: એ સ્પષ્ટ છે કે, હિંદુધર્મની SC, ST અને OBC વ્યકિતઓ ઉચ્ચ શિક્ષણ ઉપલબ્ધતાના સંદર્ભે સવર્ણહિંદુવસ્તીથી ઘણી પાછળ છે. જેમ કે, ઉપરોક્ત ત્રણ સામાજિક જૂથોનો નોંધણી દર સામાન્ય હિંદુ જનસંખ્યા કરતાં નીચો છે. એ પણ નોંધવું જરૂરી છે કે, મુસ્લિમ, ખ્રિસ્તી અને શીખ ધર્મોના SC, ST, OBC જૂથો જે તે ધર્મોના ઉચ્ચવર્ણના સમૂહો કરતાં ઉચ્ચ શિક્ષણની ઓછી ઉપલબ્ધતા ધરાવે છે.

ઉદાહરણ સ્વરૂપે ૨૦૦૩–૦૪ માં મુસ્લિમ OBC નો GER ૭%, જયારે અન્ય મુસ્લિમોનો ૯% હતો આવી જ અસમાનતા ખ્રિસ્તી SC, ST અને બિન SC/ST ખ્રિસ્તી વચ્ચે જોવા મળે છે. શીખ SC ના કિસ્સામાં GER માત્ર ૭% હતો. જયારે તેની સરખામણીમાં શીખ બિન SC/ST જનસંખ્યાનો GER ૨૧% હતોફ એ જ રીતે ખ્રિસ્તી આદિવાસીનો GER ૨૧.૭૩% હતો. જયારે તેની સરખામણીમાં બિન આદિવાસી ખ્રિસ્તીઓમાં GER ૩૭.૨૮%હતો.

EER ના કિસ્સામાં પણ આ જ પ્રકારે તફાવત જોઈ શકાશે. OBC મુસ્લિમનો EER (૬૩%) કરતાં નીચો છે. શીખ SC નો ૨૦૦૩નો EER બિન SC શીખના EER કરતાં ઘણો નીચો – એટલે કે ૨૦.૬૦% ની સરખામણીએ ૫૨.૫% છે.

આ પરિણામોથી એ સ્પષ્ટ જ છે કે, તમામ ધર્મોના SC તેઓના ઉચ્ચ જાતિના સહધર્મીઓ કરતાં ઉચ્ચ શિક્ષણની નીચી ઉપલબ્ધતા ધરાવે છે. અલબત્ત, જુદા જુદા ધાર્મિક જૂથોમાંથી કેટલાંક ધાર્મિક જૂથોમાં આવતા SC ઉચ્ચ શિક્ષણની ઉપલબ્ધતા બાબતે અન્યો કરતાં વધારે વંચિત છે. ઉદા. તરીકે બૌદ્ધધર્મી SC નો GER પ્રમાણમાં ઊંચો (૧૪%) છે. તેના પછી ખ્રિસ્તી SC (૯.૯૭%), ત્યારબાદ હિંદુ SC (૪.૮૮%) અને શિખ SC (૨.૩૩%) છે. આમ હિંદુ અને શિખધર્મી SC કરતાં બૌદ્ધ અને ખ્રિસ્તીધર્મી SC ઉચ્ચ શિક્ષણની ઉપલબ્ધતા બાબતે વધુ સારો દેખાવ કરે છે. અલબત્ત, બૌદ્ધ અને ખ્રિસ્તી SC ના સંદર્ભમાં સીમિત ઉપમાન કદને ધ્યાનમાં રાખવું જોઈએ.

**:: આંતરધર્મી અસમાનતા :**

૨૦૦૩–૦૪ માં ધાર્મિક જૂથો વચ્ચે નોંધણીદરમાં પણ અસમાનતા ધ્યાને આવે છે. મહદંશે જૈનોનો GER સૌથી ઊંચો છે. ત્યારબાદ ખ્રિસ્તીઓ, શિખો, બૌદ્ધો, હિંદુઓ અને મુસ્લિમોનો છે. તેઓનો GER અનુક્રમે ૫૭.૪૩%, ૨૭.૨૯%, ૧૫%, ૧૩.૪૬% અને ૮.૧૯% છે. સૌથી નીચો GER મુસ્લિમોનો જોવા મળે છે. જયારે તેનાથી હિંદુઓનો વધારે છે.

EER ના કિસ્સામાં પણ ધર્મો વચ્ચે તફાવતો જોઈ શકાય છે. જૈનો અને ખ્રિસ્તીઓ સૌથી ઉપર અનુક્રમે ૭૪.૭% અને ૭૧.૩% સાથે આવે છે. ત્યારબાદ બૌદ્ધો અને હિંદુઓ લગભગ ૬૦% સાથે આવે છે. સૌથી નીચો EER શીખોનો ૫૨.૮% જોવા મળે છે.

**:: <u>લૈંગિક તફાવતો</u> :**

કન્યાઓ માટે ઉત્ત શિક્ષણની ઉપલબ્ધતા કુમારો કરતાં ઓછી છે. પુરુષોનો GER ૧૫.૨૫% જયારે સ્ત્રીઓનો GER ૧૧% છે. નોંધણીદરમાં લૈંગિક અસમાનતાનું ઉડીને આંખે વળગે તેવું પ્રમુખ

કારણ ગ્રામ્ય વિસ્તારોમાં છે, જયારે શહેરી વિસ્તારોમાં લૈંગિક અસમાનતા લઘુતમ છે. EER માં પણ સ્ત્રી–પુરુષ વચ્ચેની અસમાનતા નોંધપાત્ર છે. ૨૦૦૩–૦૪માં પુરુષોનો EER ૬૨.૯% અને સ્ત્રીઓનો EER ૫૪.૧૦% છે. જે દર્શાવે છે કે, સ્ત્રીઓનો EER ૯% નીચો છે. GER કરતાં ભિન્ન રીતે અહી સ્ત્રી અને પુરુષના EER માં અસમાનતા ગ્રામ્ય અને શહેરી બન્ને વિસ્તારોમાં જોઈ શકાય છે.

**:: <u>લિંગ–જ્ઞાતિ–ધર્મનું આદાનપ્રદાન</u> :**

એ ઓળખવું જરૂરી છે કે, સામાન્ય રીતે પુરુષની સરખામણીએ સ્ત્રીઓનો નોંધણી દર ઓછો હોવા છતા, નીચલા વર્ણની અને કેટલાંક ધાર્મિક જૂથોની સ્ત્રીઓ અન્યો કરતાં ઉચ્ચ શિક્ષણની ઉપલબ્ધતાથી વધારે વંચિત છે.

દા.ત. ૨૦૦૦ માં સ્ત્રીઓની ૯.૪% ની કુલ સરેરાશની સામે ST સ્ત્રીઓનો ૨.૪%, SC સ્ત્રીઓનો ૪.૭%, OBC સ્ત્રીઓનો ૭.૬% અને અન્ય સ્ત્રીઓનો ૧૭.૨% GER હતો. આમ, ST સ્ત્રીઓનો GER સવર્ણ સ્ત્રીઓના GER ની સરખામણીએ સાત ગણો ઓછો હતો. એ જ રીતે SC સ્ત્રીઓનો GER સવર્ણ સ્ત્રીઓની સરખામણીમાં લગભગ ચાર ગણો નીચો હતો.

ધાર્મિક જૂથોમાં મુસિલમ સ્ત્રીઓ સૌથી વધારે વંચિત છે. મુસિલમ સ્ત્રીઓનો GER હિંદુ સ્ત્રીઓ (૧૦.૮%), શિખ/બૌદ્ધ સ્ત્રીઓ (૧૨.૭%), ખ્રિસ્તી સ્ત્રીઓ ૨૦% અને જૈન સ્ત્રીઓ (૪૮%)ની સરખામણીએ ૬.3% હતો.

**:: <u>આંતરજ્ઞાતીય અસમાનતા EER ના સંદર્ભે</u> :**

સ્ત્રીઓમાં આંતરજ્ઞાતીય અસમાનતા ખાસ કરીને ST સ્ત્રીઓમાં નોંધપાત્ર છે. SC/OBC સ્ત્રીઓનો EER અન્ય સવર્ણ સ્ત્રીઓના ૫૭% ની સરખામણીએ ૫૦% જેટલો સૌથી નીચો છે. એ જ રીતે, અન્ય ધર્મોની સરખામણીએ મુસિલમ ધર્મની સ્ત્રીઓનો EER સૌથી નીચો છે. મુસિલમ સ્ત્રીઓ (૪૮%) હિંદુ/બૌદ્ધ સ્ત્રીઓના લગભગ ૫૪%, શીખના ૫૬% અને જૈન/ખ્રિસ્તી સ્ત્રીઓના લગભગ ૬૯% નો EER છે.

**:: <u>ગરીબ–સંપન્ન</u> :**

ગરીબ–સંપન્નના નોંધણીદરમાં પણ નોંધપાત્ર અસમાનતા છે. ૧૯૯૯–૨૦૦૦ ના GER માં સંપન્નના ૧૨.૯૧% ની સામે ગરીબના ૨.૪% હતા, જયારે એકંદર ૧૦.૧૦% હતો. સંપન્નની સરખામણીએ ગરીબનો GER લગભગ ૧૨ ગણો નીચો છે.

આ પ્રકારની અસમાનતાઓ શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં દેખીતી છે. ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં ગરીબો માટેનો GER ૧.૩૦% અને ૫.૫૧%, જે ગ્રામ્ય અને શહેરી સંપન્ન માટેના GER ૭.૧૨% અને ૨૭.૧૫% ની સરખામણીએ ઘણો નીચો છે. ગરીબોમાં સૌથી નીચો GER ST અને SC ગરીબોનો હતો. તેનાથી થોડો ઊંચો OBC ગરીબોનો હતો અને તેનાથી થોડોક જ ઊંચો અન્યોનો હતો. SC/ST, OBC અને અન્ય ગરીબોનો GER અનુક્રમે ૧.૫૫%, ૧.૮૯%, ૨.૩૦% અને ૩.૪૫% હતો.

આ જ પ્રકારનું ચિત્ર ગ્રામ્ય અને શહેરી ગરીબોમાં જોવા મળે છે. ગ્રામ્ય વિસ્તારોમાં ST નો GER સૌથી નીચો ૧.૧૧%, ત્યારબાદ SC નો GER ૧.૩૫% અને OBC નો GER ૧.૧૩% તથા અન્ય ગરીબોનો GER ૧.૧૬% જોવા મળે છે. એકંદર GER ૧.૩૦% જોવા મળે છે.

શહેરી ગરીબોમાં SC/ST/OBC અને અન્યોનો GER અનુક્રમે ૩.૮૬%, ૪.૭૮%, ૫.૧૬% અને ૭% જોવા મળે છે. જેની એકંદર સરેરાશ ૫.૫૧% થાય છે.

સંપન્ન જૂથમાં પણ SC/ST અને OBC નો GER અન્યોની સરખામણીમાં નીચો જોવા મળે છે. ઉ.દા. તરીકે SC/ST/OBC અને અન્યોનો GER અનુક્રમે ૬.૬૮%, ૯.૭૦%, ૮.૬૯% અને ૧૯.૭૩% જોવા મળે છે, જયારે સમગ્ર ભારતની સરેરાશ ૧૨.૮૧% છે.

**વ્યવસાય અને નોંધણી :**

:: **<u>સ્વરોજગાર ધરાવનારાઓ અને શ્રમિકો (કારીગરો અને શ્રમિકો......કામદારો અને મજૂરો)</u>**

ગ્રામ્ય અને શહેરી વિસ્તારોના જુદા જુદા વ્યવસાયી જૂથોમાં પણ આ જ પ્રકારની અસમાનતા જોવા મળે છે. ગ્રામ્ય વિસ્તારોમાં ખેતી અને બિનખેતીકીય આર્થિક પ્રવૃત્તિઓમાં સ્વરોજગાર ધરાવતા ઘરોમાં GER સામાન્યતઃ ઊંચો છે. જયારે તેની સરખામણીમાં ખેતી અને બિનખેતી પ્રવૃત્તિઓમાં શ્રમિકો તરીકે કામ કરતાં જૂથોમાં GER નીચો છે. ઉદાહરણ સ્વરૂપે ખેતી અને બિનખેતી પ્રવૃત્તિઓમાં સ્વરોજગાર ધરાવતાં જૂથોનો GER લગભગ ૫% હતો. જયારે તેની સરખામણીએ ખેતમજૂરોમાં GER ૧.૪૧% અને ખેતી સિવાયના શ્રમિકોમાં ૩% છે. આમ, ખેતમજૂરોમાં GER ધ્યાનાકર્ષક રીતે નીચો હતો.

એ જ રીતે શહેરી વિસ્તારોમાં વેપારી, પગારદાર અને અન્ય પ્રવૃત્તિ કરનારા લોકોનો GER છૂટક મજૂરી કરનારા જૂથ કરતાં ઘણો ઊંચો છે. અન્ય સ્વરોજગાર ધરાવના, પગારદાર અને છૂટક મજૂરી કરતાં જૂથોના GER અનુક્રમે ૫૦%, ૨૮%, ૧૫.૭૪% અને માત્ર ૩.૨૬% હતો. આમ છૂટક મજૂરી કરતા જૂથનો GER નોંધપાત્ર રીતે ઊંચો છે. આ રીતે ગ્રામ્ય અને શહેરી બન્ને વિસ્તારોમાં શ્રમિક વર્ગનો GER સ્વ–રોજગારજૂથો અને પગારદારવર્ગ કરતાં નીચો છે. ખેતમજૂરોનો GER નોંધપાત્ર રીતે નીચો છે.

ગ્રામ્ય અને શહેરી વિસ્તારના બિનખેતી આર્થિક પ્રવૃત્તિઓ કે વેપારમાં સ્વરોજગાર ધરાવતા SC/ST જૂથોનો GER પણ અન્યો કરતાં નીચો છે. ગ્રામ્યવિસ્તારમાં સ્વ–રોજગાર (કે વેપારીજૂથો) ના SC/ST/OBC કે અન્યોનો GER અનુક્રમે ૨.૫૩%, ઘ.૭૭%, ૩.૯૭% અને ૭.૭૩% છે. જયારે શહેરી વિસ્તારોમાં SC, ST,OBC અને અન્યોમાં સ્વ–રોજગારી ધરાવતા જૂથોનો GER અનુક્રમે ૬.૧૫%, ૭.૩૭%, ૧૦% અને ૨૨% છે, જે SC/ST માં નીચો દર દર્શાવે છે.

## જ્ઞાતિ–વ્યવસાય સહસંબંધ

નોંધનીય છે કે વ્યવસાયી જૂથોમાં ઉચ્ચ જ્ઞાતિની સરખામણીએ ખાસ કરીનેST/SC અનેOBC ની નોંધણી નીચી છે. આમ, દૈનિક મજૂરોનો GER સામાન્ય પણે વધું નીચો હોવા છતાં અન્ય જૂથોની

સરખામણીએ SC/ST નો GER વધારે નીચો છે. ઉદાહરણ તરીકે ગ્રામ્ય વિસ્તારમાં દૈનિક મજૂરોનો GER ૧.૪૧% ની સામે, SC/ST/OBC અને અન્ય દૈનિક મજૂરોનો GER અનુક્રમે ૦.૬૭%, ૧.૬૩%, ૧.૧૬%, અને ૧.૯૩% છે.

એજ રીતે શહેરોમાં મજૂરોનો GER એકંદરે ૩.૨૬% છે જેની સામેSC/ST/OBC અને અન્ય મજૂરોનો અનુક્રમે ૧.૫૩%, ૨.૬૧%, ૩.૩૪%, અને ૪.૩૦% છે.

આવી જ આંતરજ્ઞાતિય અસમાનતા ગ્રામ્ય અને શહેરી સ્વ વ્યવસાયી ખેડુતોના સંદર્ભમાં જોવા મળે છે જેમાં અન્યોની સરખામણીએ SC/ST/OBC નો GER વધુ નીચો છે. દા.ત. ગ્રામ્ય ખેતીવાડી વ્યવસાયિકોનો GER ૫.૬૪% છે જેની સામે ગ્રામિણ SC/ST/OBC અને અન્ય ખેત વ્યવસાયિકોનો GER અનુક્રમે ૩%, ૩.૯૫%, ૪.૨૧%, અને ૮.૩૩% છે.

## વ્યવસાય, જ્ઞાતિ અને ગરીબીનો સહસંબંધ

સ્વરોજગારી ધરાવતાં જૂથો અને શ્રમિક જૂથોમાં ગરીબ ઘરોમાં નોંધણી દર નોંધપાત્ર રીતે નીચો છે. ઉદાહરણ તરીકે, ગ્રામ્ય વિસ્તારમાં સ્વવ્યવસાયી ખેડુત, બીનખેતી ક્ષેત્રમાં સ્વરોજગારી ધરાવનાર, ખેતમજૂરો, અન્ય મજૂરો અને અન્ય ઘરોનો અકંદર ક્રમશઃ ૫.૧૭%, ૧.૪૧%, ૨.૯૯%, ૫.૬૪% અને ૧૮.૫૫% છે. તેની સામે ગરીબ સ્વરોજગાર ખેડુત, બીનખેતી ક્ષેત્રોમાં સ્વરોજગારી ધરાવતાં ગરીબ, ગરીબ ખેતમજૂર, અન્ય ગરીબ મજૂર અને અન્ય ગરીબ ઘરોમાં નોંધણી દર અનુક્રમે ૧.૪૩%, ૦.૮૬%, ૦.૩૭%, ૧.૭૮%, ૨.૯૮% અને ૧.૩૦% છે. આજ રીતે શહેરી વિસ્તારોમાં સ્વવ્યવસાય ધરાવનાર, પગારદાર, છુટક મજૂર અને અન્ય ઘરોનો એકંદર નોંધણી દર અનુક્રમે ૧૫.૭૪%, ૨૮.૧૦%, ૩.૨૬%, અને ૫૦.૧૫% છે. જયારે આ જ ચાર જૂથોમાં ગરીબ ઘરોનો નોંધણી દર અનુક્રમે ૪.૫૯%, ૮.૬૦%, ૨.૩૮%, અને ૧૪.૩૯% છે.

બીજા શબ્દોમાં કહીએ તો ગ્રામ્ય અને શહેરી બન્ને વિસ્તારોમાં ગરીબ, છુટક મજૂરી કરતા ઘરોમાં નોંધણી દર નીચો છે. (ખેતમજૂરો, અન્ય ગ્રામ્ય વિસ્તારના મજૂરો અને શહેરી વિસ્તારનાં છુટક મજૂરોનો દર અનુક્રમે ૦.૮૬%, ૦.૩૭% અને ૨.૩૮% છે) અલબત્ત, આ જ ગરીબ જૂથોમાં SC/ST/OBC નો દર ઘણો નીચો છે. ખેતમજૂરોમાં ST/SC/OBC નો નોંધણી દર અનુક્રમે ૦.૯%, ૦.૧% અને ૦.૯૩% છે. આ જ રીતે ગ્રામ્ય વિસ્તારમાં છુટક બીનખેતી મજૂરી કરનાર વર્ગોમાં ST અને SC બન્ને નો દર શુન્ય ટકા અનેOBC નો દર ૦.૫૨% છે. આમ, શહેરી વિસ્તારમાં ગરીબ છુટક મજૂરી કરતાં ST નો નોંધણી દર ૦.૬૬%, SC નો દર ૨.૬૧% અનેOBC નો દર ૩.૯૨% છે.

આનો સારાંશ એ કે વર્ષ ૨૦૦૩–૦૪ માં અને કેટલાક કિસ્સામાં ૧૯૯૯–૨૦૦૦માં નોંધણી દરની એક ચોકકસ રૂપરેખા ઉપસે છે.

●એકંદર રાષ્ટ્રિય નોંધણી દરઃ

૨૦૦૦–૨૦૦૧નો વસ્તી ગણતરી અનેNSS પર આધારીત GER ૧૩% છે. SES પર આધારીત GER ૯.૩૯% છે. SES અન્ય બે એટલે કે PC અને NSS કરતા નીચો GER દર્શાવે છે

કારણકેPC અને NSS જાહેર અને ખાનગી બન્ને સંસ્થાઓના સ્ત્રોતોને ધ્યાનમાં લે છે જ્યારે SES માત્ર જાહેર સંસ્થાઓ આવરી લે છે.

● ગ્રામ્ય– શહેરી:

ગ્રામ્ય અને શહેરી વિસ્તારોનાં નોંધણી દરમાં નોંધપાત્ર અસમાનતા જોવા મળે છે. ૨૦૦૩–૦૪ માં ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં GER અનુક્રમે ૭.૭૬% અને ૨૭.૩૦% હતો. શહેરી વિસ્તારનો GER ગ્રામ્ય વિસ્તાર કરતા ચાર ગણો ઊંચો છે.

● આંતર–રાજ્ય:

આ જ રીતે ઉચ્ચ શિક્ષણના સ્તરમાં આતર રાજ્ય તફાવતો પણ નોંધપાત્ર છે. નાગાલેન્ડ, ગોવા, કેરળ, મણીપુર, હિમાચલપ્રદેશ, અને જમ્મુ–કાશ્મીરમાં GER અને NER રાષ્ટ્રિય સરેરાશ કરતા ઊંચો હતો. જ્યારે ત્રિપુરા, આસામ, મેઘાલય, છત્તિસગઢ, ઓરિસ્સા, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, બિહાર, સિકિકમ અને રાજસ્થાન માં રાષ્ટ્રિય સરેરાશ કરતા નીચો છે.

●આંતરજ્ઞાતિય અસમાનતા:

SC, ST, અને OBC નો GER સામાન્ય હિંદુ વસ્તી કરતા નીચો છે. અલબત્ત, આ ત્રણ જૂથોમાં સૌથી નીચો GER ST નો છે. તેનાથી વધુ SC નો છે અને તેનાથી વધુ OBC નો છે. EER ના કિસ્સામાં SC / ST, અને OBC જૂથો વચ્ચેનો તફાવત સાંકડો છે. અને OBC પણ લગભગ SC અને ST ની સમાંતર છે. અહીં એ નોંધવું પણ જરૂરી છે કે મુસ્લિમ, ખ્રિસ્તી, અને શીખ ધર્મોના ST/SC/ OBC જૂથોને પણ ઉચ્ચ શિક્ષણની ઉપલબ્ધતા જે તે ધર્મના ઉચ્ચ જ્ઞાતિય જૂથો કરતા ઓછી મળે છે. મહદ અંશે બૌદ્ધ ધર્મ અને ખ્રિસ્તી ધર્મી SC હિંદુ, મુસ્લિમ અને શીખ ધર્મી SC કરતા સારો દેખાવ કરે છે.

●આંતર ધર્મીય અસમાનતા:

સામાન્ય રીતે જૈન ધર્મીનો GER સૌથી ઊંચો ૫૭%, તેના પછી ખ્રિસ્તીઓ ૨૭.૨૯ % , શીખ/ બૌદ્ધ ૧૫ % , હિન્દુઓ ૧૩. ૪૭ %, અને મુસ્લિમો ૮.૧૯ % GER ધરાવે છે. આમ , મુસ્લિમોનો GER સૌથી નીચો છે.

● પુરૂષ–સ્ત્રી અસમાનતા :

નોંધણી દરોમાં લૈગિક અસમાનતા પણ સ્પષ્ટપણે જોઈ શકાય છે. GER માં લૈગિક તફાવતોનું મુખ્ય કારણ ગ્રામ્ય વિસ્તારમાં અસમાનતા હોવાનું છે. કારણ કે શહેરી વિસ્તારોમાં લૈગિક અસમાનતા નગણ્ય છે. એ પણ નોંધવું પડશે કે પુરૂષો કરતાં સ્ત્રીઓનો નોંધણી દર નીચો હોવા ઉપરાંત

ST અને SC માં સ્ત્રીઓ અને હિન્દુ અને ઈસ્લામ ધર્મ ની સ્ત્રીઓ ઉચ્ચ શિક્ષણની ઉપલબ્ધતા બાબતે અન્ય ધર્મોની સ્ત્રીઓ કરતાં વધારે કમનસીબ છે.

● ગરીબ–સંપન્ન અસમાનતા :

સંપન્ન ઘરોની સરખામણીએ ગરીબોનો GER નીચો છે. ગરીબોમાં પણ અલબત્ત SC અને ST નો GER ઘણો નીચો છે. ત્યાર પછી OBC અને અન્યો આવે છે.

**● સ્વવ્યવસાયી અને છૂટક મજૂર :**

સ્વવ્યવસાયી( વેપારી ) અને નિયમિત પગારદારોનો GER સામાન્યતઃ ઊંચો છે. જેની સરખામણીએ ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં ખેતી કે બિનખેતી વ્યવસાયમાં જોડાયેલાં છૂટક મજૂરોનો GER નીચો છે.સૌથી નીચો GER ગ્રામ્ય વિસ્તારમાં ખેતી પ્રવૃત્તિમાં રોકાયેલાં છૂટક મજૂરોનો અને શહેરી વિસ્તારમાંબિન ખેતી પ્રવૃત્તિમાં રોકાયેલાં છૂટક મજૂરોનો છે.

**· ગુણવત્તા અને ઉત્કૃષ્ટતા :**

ઉચ્ચશિક્ષણ સંસ્થાઓના વિસ્તૃતિકરણ ને કારણે નોંધણી દરમાં સુધારા શકતય બન્યા છે. પરંતુ પ્રશ્ન બહાર પડતા વિદ્યાર્થીઓના શૈક્ષણિકસ્તરની ગુણવત્તા, સંશોધનની ગુણવત્તા , અને પ્રયોગશીલતા તેમજ સર્જનાત્મકતાની છે.આપણી શૈક્ષણિક વ્યવસ્થાની ઉત્કૃષ્ટતા અને ગુણવત્તાનું સ્તર કેવું છે ?

આપણી યુનિવર્સિટી અને કોલેજ વ્યવસ્થાની ઉત્કૃષ્ટતાને ગુણવત્તાની સંકલ્પના પર બહુ સિમિત સાહિત્ય મળેછે. આ વિશે અભ્યાસોની ઉણપને લીધે ઉત્કૃષ્ટતા અને ગુણવત્તાની સ્થિતિ વિશે હું ઉચ્ચ શિક્ષણમાં યુનિવર્સિટીઓ અને કોલેજોની ઉત્કૃષ્ટતા અને ગુણવત્તને માપવા માટે UGC દ્વારા વિકસાવાયેલ અને ઉપયોગમાં લેવાતા પ્રત્યયાત્મક અને પદ્ધતિસરનાં માળખાનો ઉપયોગ કરીશ. કારણ કે આ ક્ષેત્ર ઉચ્ચશિક્ષણ વ્યવસ્થાની કરોડરજ્જૂ છે. આપણે જોઈશું કે આનાથી આપણને યુનિવર્સિટી અને કોલેજ ક્ષેત્રની ગુણવત્તાનું માત્ર આંશિક ચિત્ર મળે છે. ગુણવત્તા અને ઉત્કૃષ્ટતાનું નિયમન કરવાં અને સંવર્ધન કરવાં UGC એ સંકલ્પનાની પરિભાષામાં ગુણવત્તા અને ઉત્કૃષ્ટતા વચ્ચે ભેદ પાડેલ છે અને તેથી ગુણવત્ત અને ઉત્કૃષ્ટતાને માપવા માટે અલગ અલગ નિર્દેશકોનો ઉપયોગ કરાય છે. UGC નાં ઉત્કૃષ્ટતા માટેનાં પરિમાણો મૂલતઃ ગુણવત્તાના પરિમાણોમાં ઉમેરણરૂપ છે.

**● યુનિવર્સિટી અને કોલેજ શિક્ષણ વ્યવસ્થા ની ગુણવત્તા :**

જયાં સુધી ગુણવત્તાને સંબંધ છે તો UGC એ તેની જોગવાઈઓ ૨(એફ) અને ૧૨ (બી) અંતર્ગત નિર્દેશકો આપેલા છે. આ બે જોગવાઈઓ યુનિવર્સિટીઓ અને કૉલેજોને અનુદાન પુરૂ પાડવા માટેની લઘુત્તમ ગુણવત્તા જરૂરીયાતનું મુલ્યાંકન કરે છે. કૉલેજ જો સ્નાતક કક્ષાના અભ્યાસક્રમ ધરાવતી, હંગામી જોડાણ ધરાવતી નોંધાયેલ સંસ્થા હોય તો તેને ૨(એફ) હેઠળ માન્યતા મળે છે. જો કૉલેજ યુનિવર્સિટી સાથે કાયમી જોડાણ ધરાવતી હોય તો તેને ૧૨(બી) હેઠળ માન્યતા મળે છે. યુનિવર્સિટી જરૂરી લઘુત્તમ શરતો પૂર્ણ થતી હોય તો કાયમી જોડાણ આપે છે.

આમ, ૨(એફ) અને ૧૨(બી) કૉલેજોની ગુણવત્તાને નિયમન કરનારું સૌથી પ્રારંભિક અને દેખીતી રીતે અનુમાનત લઘુત્તમ માળખું છે. ઉપરાંત, યુજીસીએ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓની ગુણવત્તાનું મુલ્યાંકન કરવા માટે NATIONAL ASSESSMENT AND ACCREDITATION COUNCIL (NAAC) ની સ્થાપના કરેલ છે, જે દેશમાં કૉલેજો અને યુનિવર્સિટીઓની ગુણવત્તાનાં અત્યંત વિસ્તૃત માપદંડોનો ઉપયોગ કરે છે.

હવે આપણે યુનિવર્સિટીઓ અને કૉલેજોની ગુણવત્તા વિશે ચર્ચા કરીશું.

## (૧) કૉલેજ ક્ષેત્ર

હવે આપણે પહેલાં કૉલેજ ક્ષેત્રની ચર્ચા કરીએ. આજની તારીખે (ફેબ્રુ. ૨૦૦૬) દેશમાં લગભગ ૧૭૬૨૫ કૉલેજો છે. આમાથી લગભગ ૧૪૦૦૦ કૉલેજો યુજીસી હેઠળ આવે છે. આ દેશમાંની કુલ કૉલેજોના લગભગ ૮૦% જેટલી થવા જાય છે.

આમાંથી લગભગ ૫૫૮૯ કૉલેજો સેકશન ૨(એફ) માં સમાવિષ્ટ છે અને તેમ્રાની ૫૨૭૩ કૉલેજો યુજીસી ઍકટનાં સેકશન ૧૨(બી) માન્ય છે– જે તેઓને યુજીસીના અનુદાન માટે લાયક બનાવે છે. આમ, લગભગ કુલ ૧૪૦૦૦ કૉલેજોના ૪૦% ૨(એફ) માન્ય છે. અને ૩૮% ૧૨(બી) હેઠળ માન્ય છે.

બીજી રીતે તેનો અર્થ એ છે કે દેશની કૉલેજોના લગભગ ૬૦% (૮૪૧૧ જેટલી) ૨(એફ) હેઠળ અને (૮૭૨૭ જેટલી) ૧૨(બી) નાં લઘુત્તમ માપદંડ હેઠળ આવતી નથી.

NAAC ૨(એફ) અને ૧૨ (બી) હેઠળ માન્ય હોય તેવી કૉલેજોનું મૂલ્યાંકન અને માનાંકન કરે છે. NAAC એ ગુણવત્તા પરીમાણનાં વિસ્તૃત માપદંડનો ઉપયોગ કર્યો. ૨૦૦૬માં ૨(એફ) ૧૨(બી) હેઠળ આવતી લગભગ કુલ ૨૭૮૦ જેટલી કૉલેજો NAAC દ્વારા મૂલ્યાંકિત અને માનાંકિત થઈ.

૨(એફ) અને ૧૨(બી) હેઠળ આવતી માનાંકિત કૉલેજની ટકાવારી લગભગ ૫૭% છે.

પરંતુ માનંકિત કૉલેજો કુલ કૉલેજો કે જે યુજીસીનાં દાયરા હેઠળ આવે છે (એટલે કે ૧૪૦૦૦)ના માત્ર ૧૮% જેટલી છે. આમ, આપણી પાસે NAAC નાં ગુણવત્તા પરિમાણનાં વિસ્તૃત માપદંડોની દષ્ટિએ લગભગ ૮૨% કૉલેજોનો કોઈ અંદાજ નથી.

**આમ, યુજીસીનાં ૨(એફ), ૧૨(બી)નાં માપદંડ હેઠળ ૧૪૦૦૦ કૉલેજોમાંથી લગભગ ૪૦% ગુણવત્તાનાં લઘુત્તમ માપદંડથી મૂલ્યાંકિત થયેલી છે અને તેથી આપણે બાકીની ૬૦% કૉલેજોની ગુણવત્તા વિશે નહિવત જાણીએ છીએ.**

NAACનાં વિસ્તૃત માપદંડથી કુલ ૧૪૦૦૦ કૉલેજોમાંથી માત્ર ૧૮% કૉલેજો ગુણવત્તા માટે મૂલ્યાંકિત થયેલી છે. આ ૧૮% કૉલેજો યુજીસી દ્વારા ૨(એફ),૧૨(બી) અંતર્ગત માન્યતા પ્રાપ્ત કૉલેજોમાં ૫૭% જેટલી થાય છે. NAACનું ગુણાંકન આપણને કૉલેજ ક્ષેત્રની ગુણવત્તા સ્થિતિનો થોડો ખ્યાલ આપે છે. NAAC ગુણાંકન સૂચવે છે. ૨૪૫ કૉલેજો "A" રેન્જમાં છે. (A++, A+, અને A). ૧૭૮૫ "B" રેન્જમાં છે. (B++, B+ અને B) અને ૬૬૮ "C" રેન્જમાં છે (C++, C+ અને C). આને આપણે

ઉચ્ચ, મધ્યમ અને નિમ્ન ગુણવત્તાવાળી કૉલેજો તરીકે ગુણાંકિત કરી શકીએ જે અનુક્રમે ૯%, ૬૬% અને ૨૪% થાય છે.

## યુનિવર્સિટી ક્ષેત્ર

અનુદાન આપતા પહેલાં યુજીસી ગુણવત્તાનાં કેટલાક માપદંડો વડે આ યુનિવર્સિટીઓની ગુણવત્તાનું મૂલ્યાંકન કરે છે. લગભગ ૧૬૪ યુનિવર્સિટીઓ ૧૨(બી) હેઠળ માન્યતા ધરાવે છે અને તેથી અનુદાન મેળવવા હક્કદાર છે. આનો અર્થ એ કે લગભગ ૫૦% યુનિવર્સિટીઓ ૨(બી) અંતર્ગત ગુણવત્તા અને શૈક્ષણિક ધોરણો માટે મૂલ્યાંકિત થયેલી છે. બાકીની યુનિવર્સિટીઓનું મૂલ્યાંકન થયેલું નથી. તેથી આપણને તેની ગુણવત્તા વિશે કોઈ ખ્યાલ નથી.

૧૬૪ યુનિવર્સિટીઓમાંથી લગભગ ૧૨૮યુનિવર્સિટીઓ NAACનાં ગુણવત્તા માટેનાં વધુ વિસ્તૃત નિર્દેશકો વડે મૂલ્યાંકિત થયેલ છે. આવી યુનિવર્સિટીઓની સંખ્યા યુજીસી દ્વારા સહાય મેળવતી યુનિવર્સિટીઓ (૧૬૪) નાં ૭૮% થાય છે અને કુલ યુનિવર્સિટીઓનાં ૪૦% થાય છે.

પરિસ્થિતિને સંક્ષિપ્તમાં મૂકીએ તો કુલ ૩૧૭ યુનિવર્સિટીઓમાંથી ૫૦% (એટલે કે ૧૬૪) ૧૨(બી)ની જોગવાઈ હેઠળ લઘુત્તમ ગુણવત્તા માટે મૂલ્યાંકિત થયેલી છે. અને લગભગ ૪૦% (એટલે કે ૧૨૮) NAAC નાં ગુણવત્તા માટે વધુ વિસ્તૃત માપદંડોથી મૂલ્યાંકિત થયેલી છે. આમ લગભગ ૫૦ થી ૬૦ ટકા યુનિવર્સિટીઓ તેઓ જે શિક્ષણ આપે છે તેની ગુણવત્તા માટે યોગ્ય રીતે મૂલ્યાંકિત થયેલી નથી.

### ઉત્કૃષ્ટતાનાં પરિમાણોઃ

ઉત્કૃષ્ટતાનાં મૂલ્યાંકન માટે યુજીસીએ એક સંકલ્પના વિકસાવી છે જેને ઉત્કૃષ્ટતાની ક્ષમતાવાળી સંસ્થાઓ (Institutions With Potential For Excellence) કહેવાય છે. યુજીસી ઉત્કૃષ્ટતાનાં કેટલાક માપી શકાય તેવા નિર્દેશકો વડે નીચેનાને અલગ તારવે છેઃ

(૧) ઉત્કૃષ્ટતાની ક્ષમતા ધરાવતી યુનિવર્સિટીઓ
(૨) ઉત્કૃષ્ટતાની ક્ષમતા ધરાવતા યુનિવર્સિટીઓ માંહેનાં ખાસ અભ્યાસક્રમો ચલાવતાં કેન્દ્રો
(૩) ઉત્કૃષ્ટતાની ક્ષમતા ધરાવતા યુનિવર્સિટીઓનાં વિભાગો
(૪) ઉત્કૃષ્ટતાની ક્ષમતા ધરાવતી કૉલેજો

યુજીસીએ ૯ (નવ) યુનિવર્સિટીઓનેઉત્કૃષ્ટતાની ક્ષમતા ધરાવતા યુનિવર્સિટીઓ તરીકે માન્યતા આપેલી છે જે કુલ ૨૩૭ કેન્દ્રિય અને રાજ્ય યુનિવર્સિટીઓનાં માત્ર ૪% થાય છે. તેમજ ૧૨ યુનિવર્સિટીઓમાં ૧૨ કેન્દ્રોને અસામાન્ય વિશેષજ્ઞતા માટે અને ૪૭૭ કેન્દ્રો/વિભાગોને માન્યતા આપેલી છે. અત્યાર સુધીમાં ૯૭ કૉલેજોને ઉત્કૃષ્ટતાની ક્ષમતા માટે માન્ય કરવામાં આવેલી છે.

## ગુણવત્તા, સર્વસમાવેશકતા અને ઉપલબ્ધતા સંબંધીત ઉભરતા મુદદાઓ

વર્તમાન ઉચ્ચ શિક્ષણની સ્થિતિ પરનું એક વિહંગાવલોકન ગુણવત્તા, ન્યાયી સર્વસમાવેશકતા, અને નોંધણી સ્તરનાં સંદર્ભે સ્થિતિને સ્પષ્ટ કરે છે. અને સાથે સાથે આપણી સામે રહેલ પડકાર પણ બતાવે છે.

## નોંધણી દર વધારવા બાબતઃ

આ પ્રથમ મુદદો ઉચ્ચ શિક્ષણની ઉપલબ્ધતા વધારવા સંબંધિત છે. ૧૯૫૦નાં દશકમાં નોંધણી દર એક ટકાથી લઈને ૨૦૦૩માં લગભગ ૧૩ ટકાનાં દર સુધીનો મહત્વપૂર્ણ વધારો થયો છે. ૧૩ ટકા એટલે વિકાસશીલ દેશની સરેરાશ ૧૧ ટકા કરતાં સહેજ વધું છે પરંતુ વૈશ્વિક સરેરાશ ૨૩ ટકાની સરખામણીમાં ઘણો નીચો છે. પરિવર્તનશીલ રાષ્ટ્રોની સરેરાશ ૩૬.૫% અથવા વિકસિત રાષ્ટ્રોની સરેરાશ ૫૪.૬% કરતાં અતિશય નીચો છે.

સ્વાતંત્ર્ય પછી ઉચ્ચ શિક્ષણની માગમાં ધરખમ વધારો થયો છે. અલબત્ત, માગમાં થયેલા આ વધારાની સામે શૈક્ષણિક સંસ્થાઓ અને અન્ય સવલતોની દષ્ટિએ શૈક્ષણિક આંતરમાળખાકીય સુવિધામાં માગને અનુરૂપ અધારો થયો નથી. ક્ષમતા કરતા માગ વધવાને કારણે મોટી સંખ્યામાં પ્રવેશવાંચ્છુઓને ઉચ્ચ શિક્ષણની ઉપલબ્ધતાથી વંચીત રહેવું પડયું છે. આનાથી એ પરિસ્થિતિ થઈ કે જયાં સંસ્થાઓએ તેની ક્ષમતા કરતા વધુ વિદ્યાર્થીઓને સમાવવા પડે છે જે કૉલેજો – અનુદાનિત તેમજ બિનઅનુદાનિત– અને રાજય યુનિવર્સિટીઓની સવલતો પર દબાણ ઉભુ કરે છે. તેથી નવી કૉલેજો અનેયુનિવર્સિટીઓ ઉભી કરવાની સાથોસાથ હયાત સંસ્થાઓનું વિસ્તૃતિકરણ અને મજબૂતિકરણ પણ એટલું જ જરૂરી છે.

૧૧મી યોજનામાં લક્ષ્ય સંબંધીત કેટલીક સમસ્યાઓ છે. ટકી શકે તેવું લક્ષ્ય શું હોવું જોઈએ? જો આપણું લક્ષ્ય ૨૩%ની વૈશ્વિક સરેરાશની નજીક જવાનું હોય તો આપણે ૧૧મી યોજના દરમિયાન પ્રવેશક્ષમતા મોટા પ્રમાણમાં વિસ્તારવી પડે. ૧૩ ટકા થી વધારી ૨૦ ટકા સુધી જવામાં ખાનગી અને જાહેર એમ બન્ને સંસ્થાઓએ વધારો કરવો પડશે અને ખાનગી અને જાહેર બન્ને શૈક્ષણિક સંસ્થાઓએ સંસ્થાકીય ક્ષમતા વધારવા માટે આયોજન જરૂરી બનશે. સરકારી અને સરકાર અનુદાનિત સંસ્થાઓ માટે લક્ષ્ય નિશ્ચિત કરવું પડશે.

આ કાર્ય બન્ને રીતે કરવું પડશે. હયાત શિક્ષણ સંસ્થાઓની ક્ષમતામાં વધારો કરવો અને નવી સંસ્થાઓ ઉભી કરવી. વધારાની શિક્ષણ સંસ્થાઓની અંદાજિત સંખ્યાની ગણતરી કરવી પડશે. આ બન્ને માટે ઉચ્ચ શિક્ષણમાં જાહેર ખર્ચમાં નોંધપાત્ર વધારો જરૂરી બનશે.

## પ્રદેશવાર ઉચ્ચ શિક્ષણમાં નોંધણી

| દેશોનું જૂથ | GER |
|---|---|
| વિકસિત દેશો | ૫૪.૬% |
| પરિવર્તનશીલ દેશો | ૩૬.૫% |
| વિકાસશીલ દેશો | ૧૧.૩% |
| વિશ્વ | ૨૩.૨% |
| ભારત | લગભગ ૧૩% |

સ્ત્રોતઃ Higher Education In The World

યુજીસી દ્વારા પ્રાયોજિત અભ્યાસે કરેલ તારણ સૂચવે છે કે ભૂતકાળની વિકાસ રૂપરેખા પર આધારિત નોંધણીનાં અંદાજો વધતી માગને પહોંચી વળવા પૂરતા નહીં થાય તેમજ ભારતીય અર્થતંત્રની જરૂરિયાતને પણ નહીં પહોંચી વળે. અંદાજ મુજબ નભય ૨૦૦૬–૦૭માં ૯.૭% થી વધીને ૨૦૧૧–૧૨ માં ૧૧% થશે. આજ સમયગાળા દરમિયાન દકક ની માહિતી પરથી થયેલો અંદાજ સૂચવે છે કે વધારો ૧૧.૨% થી વધીને ૧૨.૮% થશે.

તેથી, વધારે ઊંચુ પામી શકાય તેવા લક્ષ્ય પર નજર માંડવી જરૂરી છે અને ઉચ્ચ શિક્ષણની ૧૧મી યોજના આ લક્ષ્યને પામવા માટે તૈયાર કરવી પડશે. આમ, માહિતીના સ્ત્રોત પર આધાર રાખતા ૧૧મી યોજનાનાં અંતે લક્ષ્ય ૧૫ થી ૧૮ ટકા વચ્ચે હોઈ શકે.

## ન્યાયપૂર્ણ સર્વસમાવેશકતા નું સંવર્ધનઃ

બીજી મહત્વની સમસ્યા જે આપણી સામે આવે છે તે જુદા જુદા જૂથો જેવા કે અલગ અલગ રાજયો, ગ્રામ્ય–શહેરી, સ્ત્રી–પુરૂષ, આંતર જ્ઞાતીય, આંતર ધર્મી, ગરીબ–સંપન્ન, અને વ્યવસાયી જૂથો વચ્ચેની બહુવિધ અસમાનતાઓ સંબંધિત છે.

શહેરી વિસ્તારની સરખામણીમાં ગ્રામ્ય વિસ્તારમાં નોંધણીનું પ્રમાણ નીચુ છે અને કેટલાક રાજયોમાં નોંધણીનું પ્રમાણ નીચુ છે. ઉચ્ચ જ્ઞાતીઓ કરતા SC, ST, OBC માં પ્રમાણ નીચુ છે. પુરૂષો કરતાં સ્ત્રીઓમાં નોંધણીનું પ્રમાણ નીચુ છે. ધાર્મિક જૂથોમાં જૈન, શીખ અને ખ્રિસ્તી કરતાં મુસ્લિમ અને હિન્દુ ધર્મોમાં પ્રમાણ નીચુ છે.

ગરીબોમાં પણ નોંધણીનું પ્રમાણ નીચુ છે. અને કેટલાક પ્રકારની આર્થિક પ્રવૃત્તિઓ જેવી કે દૈનિક મજૂરી વગેરેમાં રોકાયેલાં પરિવારોનું નોંધણીનું પ્રમાણ વેપાર જેવા સ્વ–વ્યવસાયી જૂથો કરતાં પ્રમાણ નીચુ છે. આમ, ઉચ્ચ શિક્ષણની ઉપલબ્ધતા બકબતે સૌથી વધારે ભોગ બનનાર જૂથ SC, ST, OBC અને મુસ્લિમો છે અને તેમાય ખાસ કરીને આ જૂથની મહિલાઓ તેમજ ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં દૈનિક મજૂર તરીકે રોકાયેલા જૂથો પણ વિશેષ વંચિત રહ્યા છે. આ બધા જૂથોમાં પણ ગરીબો વધુ વંચિત રહ્યા છે. વળી, SC, ST, મુસ્લિમ સ્ત્રીઓ અને દૈનિક મજૂરો વગેરે જૂથોમાં પણ ગ્રામ્ય વિસ્તારમાં સૌથી વધુ વંચિત રહ્યા છે. આમ, આપણે નાનાવિધ પ્રકારની અસમાનતાઓથી પીડાઈ રહ્યા છીએ. આ કારણે એક સમગ્રલક્ષી સર્વસમાવેશક નીતીની આવશ્યકતા છે કે જે આ જૂથો વચ્ચેની અસમાનતાને ઘટાડશે. દરેક જૂથોનું અજોડપણું ધ્યાને લેતાં એ જરૂરી છે કે દરેક જૂથની આગવી મર્યાદાઓને ઉકેલવી પડશે. અને જૂથ વિશિષ્ટની નીતિઓ અને યોજનાઓ વિકસાવવી પડશે મે જેથી તેઓને બીજાઓની સમકક્ષ લાવી શકાય.

## ગુણવત્તા સંવર્ધન

ત્રીજી બાબત ઉચ્ચ શિક્ષણમાં ગુણવત્તા સંબંધીત છે. આપણે એ નોંધવું જરૂરી છે કે કૉલેજો અને યુનિવર્સિટીઓની નોંધપાત્ર સંખ્યા ગુણવત્તા માટે મુલ્યાંકિત થયેલ નથી અને તેથી ઉચ્ચ શિક્ષણમાં પ્રવૃત કૉલેજ અને યુનિવર્સિટી ક્ષેત્રની ઉત્કૃષ્ટતા અને ગુણવત્તાનું પૂર્ણ ચિત્ર આપણી પાસે નથી.

કુલ ૧૪૦૦૦ કૉલેજો જે યુજીસી ના કાર્યક્ષેત્રમાં આવે છે તેમાથી માત્ર ૪૦% અને ૩૮% ૨(એફ) અંતર્ગત (લગભગ ૫૫૮૯) અને ૧૨(બી) અંતર્ગત (લગભગ ૫૨૭૩) લાવવામાં આવી છે કે જે લઘુત્તમ શૈક્ષણિક ધોરણ સંતોષે છે.

આનો અર્થ એ કે લગભગ ૬૧% કે ૮૫૦૦ કૉલેજો ગુણવત્તાના યોગ્ય મુલ્યાંકન વગરની છે. આપણે આ કૉલેજોની ગુણવત્તા વિશે કંઇ વિશેષ જાણતા નથી. વાસ્તવમાં મુલ્યાંકિત કૉલેજોની સંખ્યા કુલ કૉલેજો (૧૪૦૦૦)ની માત્ર ૨૦% જ થાય છે. આમાની મોટા ભાગની કૉલેજો સ્વનિર્ભર અને કાયમી જોડાણ વગરની છે. આથી એ જરૂરી છે કે દેશમાં કૉલેજ શિક્ષણનું ધોરણ સુધારવા માટે આ કૉલેજોને ગુણવત્તા મુલ્યાંકનના દાયરામાં લાવવામાં આવે.

એ નોંધવું જરૂરી છે કે મોટા પ્રમાણમાં કૉલેજો યુજીસીની સહાયથી વંચિત રહી કારણકે તેઓ ૧૨(બી) અંતર્ગત જણાવેલ લઘુત્તમ ગુણવત્તા જરૂરિયાતો પૂરી કરતી નથી. ૧૪૭૩ કૉલેજોના સૅમ્પલોને ધ્યાનથી તપાસતાં જણાયું કે કૉલેજોમાં (સરકારી, ખાનગી અનુદાનિત અને બિનઅનુદાનિત) ભૌતિક અને શૈક્ષણિક આંતરમાળખાકીય સુવિધાની ઉણપ છે અને સહાયની જરૂર છે. આ કુલ કૉલેજોમાંથી ૮% ઉચ્ચ ગુણવત્તાવાળી (A ગ્રેડ) છે ૩૭% મધ્યમ ગુણવત્તાવાળી (B++ અને B+) છે અને લગભગ ૩૬% નિમ્ન ગુણવત્તાવાળી (B અને C) છે.

એ નોંધપાત્ર છે કે ભૌતિક અને શૈક્ષણિક સુવિધાના સંદર્ભે ઉચ્ચ ગુણવત્તાવાળી કૉલેજો નિમ્ન ગુણવત્તાવાળી કૉલેજો કરતા સારી સ્થિતિમાં છે.

ઉદાહરણ તરીકે ગ્રંથાલય, કૉમ્પ્યુટર સેન્ટર, હૅલ્થ સેન્ટર, સ્પોર્ટસની સગવડો, હોસ્ટેલ, અતિથિગૃહ, શિક્ષકોનાં આવાસો, કેન્ટિન, કૉમનરૂમ, કલ્યાણ યોજનાઓ, જીમ્નેશિયમ, ઓડિટોરીયમ, સેમિનાર રૂમ વગેરે ધરાવતી કૉલેજોની ટકાવારી નિમ્ન ગુણવત્તા ધરાવતી કૉલેજો કરતા ઉચ્ચ ગુણવત્તા ધરાવતી કૉલેજોમાં વધારે છે.

એજ રીતે નિમ્ન ગુણવત્તાવાળી કૉલેજો કરતા ઉચ્ચ ગુણવત્તાવાળી કૉલેજોમાં શૈક્ષણિક સગવડો જેવી કે વિદ્યાર્થી–શિક્ષક દર, વિદ્યાર્થી દીઠ પુસ્તકો, કૉલેજ દીઠ સામયિકો, કૉમ્પ્યુટર દીઠ વિદ્યાર્થીઓ અને વર્કશોપ/સેમિનારનાં આયોજનો વગેરે વધારે છે.

એ પણ જોવા મળ્યું છે કે આ ઉપમાન કૉલેજોમાં હંગામી શિક્ષકોની સંખ્યા ૧/૪ છે.

તદ્ઉપરાંત એ પણ જોવા મળ્યું છે કે ઉચ્ચ ગુણવત્તાવાળી કૉલેજોનાં કિસ્સામાં નિમ્ન ગુણવત્તા ધરાવતી કૉલેજોની સરખામણીએ એમ. ફીલ. અને પીએચ. ડી. કાયમી શિક્ષકોની ટકાવારી ઊંચી છે અને અનુસ્નાતક શિક્ષકોની ટકાવારી નીચી છે. આમ ઉચ્ચ ગુણવત્તા ધરાવતી કૉલેજોમાં નિમ્ન ગુણવત્તા ધરાવતી કૉલેજો કરતા શિક્ષકોની શૈક્ષણિક ગુણવત્તા વધું સારી છે.

આમ જો નિમ્ન ગુણવત્તા ધરાવતી ૩૬% કૉલેજો અને મધ્યમ ગુણવત્તા ધરાવતી ૩૭% કૉલેજોને ઉચ્ચ ગુણવત્તા ધરાવતી કૉલેજોની સમકક્ષ લાવવી હશે તો નિમ્ન અને મધ્યમ ગુણવત્તા ધરાવતી કૉલેજોના શૈક્ષણિક અને ભૌતિક સુવિધાઓમાં મોટા પાયે સુધારો જરૂરી છે. ૧૨(બી) અંતર્ગત આવતી પણ ગુણવત્તા ન ધરાવતી અને ૧૨(બી) અંતર્ગત ન આવતી કૉલેજો એટલે કે કુલ ૧૪૦૦૦ કૉલેજોની ૬૦% કૉલેજોમાં ગુણવત્તા સુધારણા માટેની નિવેશની જરૂરીયાતની ગણતરી કરવી જોઈશે. આ માટે દેશની હયાત કૉલેજોમાં મોટા પ્રમાણમાં જાહેર નિવેશની જરૂરીયાત રહેશે.

જયાં સુધી યુનિવર્સિટી ક્ષેત્રનો સંદર્ભ છે તો કુલ ૩૧૭ યુનિવર્સિટીઓમાંથી લગભગ ૫૦% (એટલે કે ૧૬૪) ૧૨(બી) અંતર્ગત લઘુત્તમ ગુણવત્તા માટે મૂલ્યાંકન થયેલી છે. અને ૪૦% (એટલે કે ૧૨૮) NAACનાં વિસ્તૃત ગુણવત્તા માપદંડોથી મૂલ્યાંકન થયેલી છે. આમ, લગભગ ૫૦% થી ૬૦% યુનિવર્સિટીઓ NAACનાં વિસ્તૃત માપદંડોથી મૂલ્યાંકન થયેલ નથી.

યુજીસી દ્વારા કરાયેલ ૧૧૧ જેટલી યુજીસી પાસેથી સહાય મેળવતી યુનિવર્સિટીઓનો અભ્યાસ સૂચવે છે કે ૩૧% A ગ્રેડ માં આવે છે, ૫૨% B ગ્રેડમાં આવે છે અને ૧૬% C ગ્રેડમાં આવે છે. એ જોવામાં આવ્યું કે A ગ્રેડ યુનિવર્સિટીઓ અલગ અલગ નિર્દેશકો જેવા કે મંજૂર થયેલ અધ્યાપકોની સંખ્યા, ભરાયેલ અધ્યાપકોની જગ્યા, પીએચ. ડી. થયેલ અધ્યાપકોની સંખ્યા, વિભાગ દીઠ અધ્યાપકોની સંખ્યા, ગ્રંથાલયમાં પુસ્તકોની સંખ્યા વગેરે બાબતે સારો દેખાવ કરે છે.

તેથી દરેક નિર્દેશકોનાં B અને C ગ્રેડની યુનિવર્સિટીઓની સ્થિતિ સુધારવાની જરૂર છે. આ માટે નવા વિભાગો શરૂ કરવા માટે, વધુ અધ્યાપકોની ભરતી માટે, પીએચ. ડી. નથી તેવા અધ્યાપકોને પીએચ. ડી. કરવામાં સહાય કરવા માટે અને નવા પુસ્તકો ખરીદવા માટે મોટા પ્રમાણમાં નિવેશની જરૂરીયાત થશે.

## ઉત્કૃષ્ટતાનું સંવર્ધનઃ

અત્યાર સુધીમાં યુજીસીએ માત્ર નવ યુનિવર્સિટીઓ અને ૯૭ કૉલેજોને ઉત્કૃષ્ટતાની ક્ષમતા ધરાવતી સંસ્થા તરીકે ઓળખી છે જે કુલ યુનિવર્સિટીઓનાં ૬% અને કુલ કૉલેજોનાં માત્ર બે ટકા થાય છે. તદ્ઉપરાંત લગભગ ૫૦૦ વિભાગો/કેન્દ્રો અને ૧૨ કેન્દ્રો ઉત્કૃષ્ટતાની ક્ષમતા ધરાવતાં ઓળખી કાઢયા છે.

આપણે એ સ્વિકારવું પડશે કે ગુણવત્તા અને ઉત્કૃષ્ટતા વચ્ચે આંતર જોડાણ છે. ઉત્કૃષ્ટતાને ઉભરવા અને ઉછરવા માટે પાયામાં ગુણવત્તાયુક્ત સંસ્થાઓ હોવી જરૂરી છે. ઉત્કૃષ્ટતા કદીયે કૉલેજો અને યુનિવર્સિટીઓ જેવી ઉચ્ચ શિક્ષણની બૃહદ સંસ્થાઓમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ વગર ઉભરી ન શકે.

કૉલેજો અને યુનિવર્સિટીઓ કેટલીક ઉચ્ચત્તર કક્ષાની વિશેષજ્ઞ સંસ્થાઓને ઉત્કૃષ્ટતાયુક્ત સંસ્થા તરીકે ઉભરવા માટે સ્ત્રાવ વિસ્તાર તરીકે કાર્ય કરે છે. જો કૉલેજો અને યુનિવર્સિટીઓની ગુણવત્તાની ઉપેક્ષા કરવામાં આવશે તો જ્ઞાનની સંસ્થાઓમાં ઉત્કૃષ્ટતાના વિકાસ માટેની ક્ષમતા સીમિત થઈ જશ. જો આપણે વર્તમાનનાં ઉપલબ્ધ પ્રમાણોથી જઇએ તો મોટી સંખ્યામાં કૉલેજો/રાજય યુનિવર્સિટીઓ દબબહનાં માપદંડથી મધ્યમથી નિમ્ન ગુણવત્તાની છે. એથી આ સંસ્થાઓમાં ભૌતિક અને શૈક્ષણિક આંતરમાળખાકીય સુવિધાઓ સુધારવાની તાતી જરૂરીયાત છે. આને માટે આવશ્યક છે "કૉલેજો અને રાજય યુનિવર્સિટીઓનાં ક્ષેત્રનું પુનરૂત્થાન." જો આપણી પાસે સીમિત/મર્યાદીત સંખ્યામાં ઉત્કૃષ્ટતાની ક્ષમતા ધરાવતાં વિભાગો, કૉલેજો, યુનિવર્સિટીઓ છે તો તેનું કારણ છે યુનિવર્સિટી અને કૉલેજ શિક્ષણ પુરતા ભૌતિક અને શૈક્ષણિક આંતરમાળખાકીય સંસાધનો કે સુવિધાની અછતનો ભોગ બન્યું છે.